તારીખ : 20/05/2026

ના નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



SAINT THOMAS SCHOOL SAVARKUNDLA

# સેન્ટ થોમસ ઈંગ્લીશ સ્કૂલ

ગીરધરવાવ પાછળ, મહુવારોડ, સાવરકુંડલા. ફોન : 94264 22144/02845-295032

## શું તમારા બાળકને ભવિષ્ય માટે મજબૂત આધાર મળી રહ્યો છે?

### ઘણા વાલીઓને ચિંતા રહે છે !!!

પૂરતું વ્યક્તિગત ધ્યાન મળતું નથી * અભ્યાસનો મજબૂત આધાર નથી

અંગ્રેજી બોલવામાં આત્મવિશ્વાસ ઓછો છે,,,

## આ તમામ ચિંતાઓનું સમાધાન એટલે થોમસ સ્કુલ...

### અમારી વિશેષતાઓ

- ☑ દર વર્ષે ૧૦૦% પરિણામ
- ☑ અંગ્રેજી માધ્યમ શિક્ષણ
- ☑ અનુભવી અને સંવેદનશીલ શિક્ષકો
- ☑ સુરક્ષિત અને શિસ્તબદ્ધ કેમ્પસ
- ☑ દરેક વિદ્યાર્થી પર વ્યક્તિગત ધ્યાન



## તમારા બાળકના ભવિષ્ય સાથે સમાધાન ન કરો.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે

# પ્રવેશકાર્ય શરૂ છે...

ધોરણ : નર્સરી થી ધોરણ-૯

દર વર્ષે 100 % પરિણામ

વહેલા પ્રવેશ માટે ખાસ લાભ

## સંપર્ક: 9376245177 /9033321323

મર્યાદિત બેઠકો આજે જ પ્રવેશ લો!

તારીખ : 20/05/2026

# સાવરકુંડલા તાલુકાના ખોડીયાળા ગામ ખાતે વિકાસકાર્યનું ખાતમુહૂર્ત થયું..



સાવરકુંડલા તાલુકાના ખોડીયાળા ગામ ખાતે અંદાજિત ₹1.20 કરોડના ખર્ચે ખોડીયાળા-બગોયા નોન પ્લાન રોડ અંતર્ગત સીસી રોડ તેમજ નાળા ના વિકાસકાર્યનું ખાતમુહૂર્ત સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા ના વરદ હસ્તે થયું હતું. આ તકે રાજકીય સામાજિક આગેવાનો ચૂંટાયેલા પ્રતિનિધિઓ ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.ત્યારે આ માર્ગ અને ડ્રેનેજ સુવિધાના વિકાસથી સ્થાનિક ગ્રામજનોને વધુ સુગમ અને સુરક્ષિત વાહન વ્યવહારની સુવિધા મળશે તેમજ વરસાદી પાણીના યોગ્ય નિકાલથી વિસ્તારને લાભ મળશે.



કે.ડી. NEWS

તારીખ : 20/05/2026

# અમરેલી ખાતે શ્રી રામેશ્વર સત્સંગ મહિલા મંડળ દ્વારા ભાગવત કથામાં પૂ ભક્તિબાપૂ એ બીજા દિવસે રાજા પરીક્ષિત ની કથા સંભળાવી




સાવરકુંડલા થી પાંચ કિલોમીટર હાથસણી રોડ ઉપર મનોરોગી આશ્રમ માનુ મંદિર આવેલું છે જ્યાં પૂજ્ય ભક્તિ બાપુ રખડતા ભટકતા નિરાધાર મહિલાઓની વિના મૂલ્ય સેવા કરે છે અને અત્યાર સુધીમાં 135 મનોરોગી બહેનો સાચી છે સમાજમાં પુનઃસ્થાપિત થઈ છે કથા ક્ષેત્રમાં પોણી 300 કથા વાંચી અને માનવ મંદિર આશ્રમ છેલ્લા 13 વર્ષથી સેવા ચાલુ કરી છે પરંતુ અમરેલીના રામેશ્વર સત્સંગ મહિલા મંડળ ના આગ્રહથી અમરેલી રામવાડી માંડલિયા મંડપ સર્વિસની ઓફિસ નજીક પૂજ્ય ભક્તિ બાપુ માનવ મંદિર સાવરકુંડલા વાળા ની ભાગવત સપ્તાહ શરૂ છે આજે બીજા દિવસે ભક્તિ બાપુ એ રાજા પરીક્ષિતની સુંદર મજાની વાતો કરી કથામાં મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા સંગીત ભજન અને રાસ ગરબા સાથે જ્ઞાન સાથે ભાગવતના દ્રષ્ટાંતો સાથે આ સુંદર કથામાં ચલાલા દાનબાપુની જગ્યા માંથી કેટલાક બહેનો મહેમાન તરીકે ઉપસ્થિત થયા હતા અને પ્રસિદ્ધ રામાયણ કથાકાર પૂજ્ય રવિરામ બાપુ હરિયાણીની પણ ખાસ ઉપસ્થિતિ હતી આ પ્રસંગે ભક્તિ બાપુના શિષ્ય મનિષા દીદી અને દક્ષા દીદી એ પણ ભક્તિ બાપુના આશીર્વાદ લે કથા શ્રવણ કર્યું હતું અને રવિરામ બાપુનું ખાસ સ્વાગત કરવામાં પણ આવ્યું હતું. સર્વ પિતૃ મોક્ષાર્થ છે આ ભાગવત કથા ના આજે બીજા દિવસે ખૂબ જ મોટી સંખ્યામાં બહારથી મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.



કે.ડી. NEWS

તારીખ : 20/05/2026

# વૈશ્વિક ઇંધણ કટોકટી વચ્ચે ચલાલા ભાજપ ના અગ્રણીનો અનોખો નિર્ણય

## પીએમ મોદીના સંદેશથી પ્રેરિત થઈ ૪૨ વર્ષ પછી ફરી સાયકલ સવારી શરૂ કરી

ચલાલા (દાનાભગત) અમેરિકા, ઈઝરાયેલ અને ઈરાન વચ્ચે સર્જાયેલા વૈશ્વિક તણાવને કારણે હાલમાં આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડ ઓઈલની કિંમતો તેમજ તેની ઉપલબ્ધતા અંગે ભારે ચિંતા વ્યાપી રહી છે. આવી કટોકટીની સ્થિતિમાં દેશના આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબે દેશવાસીઓને ઈંધણની બચત કરવાનો ખાસ સંદેશ આપ્યો છે. વડાપ્રધાનના આ રાષ્ટ્રહિતના આહવાનને ઝીલી લઈને અમરેલી જિલ્લાના ચલાલા ગામના જાગૃત નાગરિક અને ભાજપ અગ્રણી શ્રી પ્રકાશભાઈ કારીયાએ અનોખી દેશભક્તિનું ઉદાહરણ પૂરું પાડ્યું છે.ગુજરાતના પનોતા પુત્રના આ પ્રેરણાદાયી શબ્દોથી પ્રભાવિત થઈને તેમણે તાજેતરમાં જ નવી સાયકલની ખરીદી કરી છે. એટલું જ નહીં, પ્રકાશભાઈએ દ્રઢ સંકલ્પ કર્યો છે કે તેઓ સ્થાનિક સ્તરે માત્ર સાયકલનો જ ઉપયોગ કરશે. જ્યાં સુધી દેશમાં પેટ્રોલ-ડીઝલની સ્થિતિ સામાન્ય નહીં થાય, ત્યાં સુધી બહારગામ જવા માટે પણ તેઓ પોતાના અંગત વાહનો (બાઈક કે ફોર-વ્હીલર) બાજુ પર મૂકીને માત્ર સરકારી બસ અને ટ્રેન જેવા જાહેર પરિવહનનો જ આશરો લેશે. આ સાથે જ તેમણે સમગ્ર પંથકની જનતાને પણ કુદરતી સંસાધનો બચાવવા માટે આહવાન કર્યું છે.પોતાના આ નિર્ણય અંગે વિગતો આપતા પ્રકાશભાઈએ જણાવ્યું હતું કે, "હું જ્યારે ૧૮ વર્ષનો હતો ત્યારે સાયકલ ચલાવતો હતો. ત્યારબાદ મોટરગાડી વસાવ્યા પછી સાયકલ નો ઉપયોગ ક્યારેય કર્યો નહોતો. પરંતુ આજે બરાબર ૪૨ વર્ષના લાંબા ગાળા પછી, જ્યારે દેશ સમક્ષ ઊર્જાનું સંકટ હોય ત્યારે એક પક્ષના સનિષ્ઠ કાર્યકર અને જવાબદાર ભારતીય તરીકે આપણી ફરજ બને છે કે આપણે ઊર્જાનો બચાવ કરવો જોઈએ." આ જ ઉમદા ભાવના સાથે તેમણે ફરીથી પેડલ મારવાનું શરૂ કર્યું છે.હાલમાં પ્રકાશભાઈ જ્યારે ચલાલાની બજારોમાંથી પસાર થાય છે, ત્યારે સ્થાનિક લોકોમાં ભારે આદર અને હર્ષની લાગણી જોવા મળે છે. ગ્રામજનો તેમજ વેપારીઓ દ્વારા ઠેર-ઠેર તેમનું ફૂલહાર પહેરાવીને ભવ્ય સ્વાગત કરવામાં આવી રહ્યું છે. લોકો તેમને માનભેર પોતાની પાસે બોલાવીને આગ્રહપૂર્વક ચા-પાણી કરાવી રહ્યા છે તથા




રાષ્ટ્રસેવાના આ ભગીરથ કાર્ય બદલ હૃદયપૂર્વકના ધન્યવાદ પાઠવી રહ્યા છે.તેમના આ પ્રશંસનીય પગલાંને બિરદાવતા મિત્ર શ્રી જયેશ કે. વાળા બાબા ભાઈ વાળા,સહિત અનેક સહયોગીઓએ જણાવ્યું હતું કે, આજના આધુનિક યુગમાં પ્રકાશભાઈએ લીધેલો આ નિર્ણય સાચે જ વંદનીય છે. તેમની આ સભાનતા બદલ અમને ગર્વ છે અને આવા સાચા નાગરિકો જ સમાજને નવી દિશા ચિંધે છે. હાલમાં સમગ્ર પંથકમાં આ અનોખી મુહીમ ભારે જનસમર્થન સાથે પ્રશંસાપાત્ર બની છે. અંતમાં પ્રકાશભાઈ કારીયા જણાવેલ છે કે આપ બધા જ ભારતીય જનતા પાર્ટીના સનિષ્ઠ કાર્યકરો અને નાગરિકોએ પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના સંદેશને સાર્થક કરવા આ મુહિમ મા જોડાઈને પેટ્રોલ ડીઝલ ની સ્થિતિને હળવી બનાવીએ તેવી વિનંતી કરેલ છે.

તારીખ : 20/05/2026

# નેસડી રોડ પરના ખાડાઓનું તાત્કાલિક ડામર કામ પૂર્ણ: જનતાને મળી રાહત




સવરકુંડલાના *નેસડી રોડ* પર ચોમાસા કે અન્ય કારણોસર પડેલા ખાડાઓને લીધે વાહનચાલકો અને સ્થાનિક રહીશોને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો હતો. આ બાબતને ગંભીરતાથી લઈને સ્થાનિક આગેવાનો દ્વારા આપણા લોકપ્રિય ધારાસભ્ય *શ્રી મહેશભાઈ કસવાલા*નું ધ્યાન દોરવામાં આવ્યું હતું.રજૂઆતને પગલે ધારાસભ્યશ્રીએ તાત્કાલિક એક્શન મોડમાં આવી *R&B (માર્ગ અને મકાન) વિભાગ*ને આદેશ આપી, યુદ્ધના ધોરણે ડામર કામ કરાવી ખાડાઓ બુરવાની કડક સૂચના આપી હતી.

ધારાસભ્યશ્રીની સૂચના અનુસાર, R&B વિભાગ દ્વારા તાત્કાલિક કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ તકે વિસ્તારના સદસ્ય, નગરપાલિકા કારોબારી ચેરમેન *શ્રી જીગ્નેશભાઈ ટાંક* અને નગરપાલિકા સદસ્ય *શ્રી ભાવેશભાઈ કવા*એ રૂબરૂ ઉપસ્થિત રહીને આ કામગીરીને સમયસર અને ગુણવત્તાયુક્ત રીતે પૂર્ણ કરાવી હતી.

નેસડી રોડનું કામ પૂર્ણ થતાં સ્થાનિક રહીશો અને વાહનચાલકોએ ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા, ચેરમેન શ્રી જીગ્નેશભાઈ ટાંક, સદસ્ય શ્રી ભાવેશભાઈ કવા અને સમગ્ર ટીમનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો છે.

તારીખ : 20/05/2026

# ઓનલાઈન ફાર્મસી દ્વારા ડુપ્લીકેટ અને અનધિકૃત દવાઓના વેચાણ વિરુદ્ધ વિરોધ




સાવરકુંડલા તાલુકાના તમામ મેડિકલ સ્ટોર્સ આજે બંધ જોવા મળ્યા હતા. આ બંધનું આયોજન સાવરકુંડલા કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિયેશન દ્વારા કરવામાં આવ્યું છે.ઓનલાઈન ફાર્મસી પ્લેટફોર્મ્સ દ્વારા ડુપ્લીકેટ, અનધિકૃત અને નકલી દવાઓના વેચાણને કારણે દર્દીઓના જીવન સાથે ચાલતા જોખમ અને સ્થાનિક કેમિસ્ટોના વ્યવસાયને થતા નુકસાનના વિરોધમાં આ આંદોલન કરવામાં આવ્યું છે. આ દેશવ્યાપી આંદોલનના ભાગરૂપે સાવરકુંડલામાં આજે તમામ મેડિકલ સ્ટોર્સ બંધ રાખવામાં આવ્યા હતા.ઈમરજન્સી સેવા:દર્દીઓની તાત્કાલિક જરૂરિયાતને ધ્યાનમાં રાખીને મહુવા રોડ પર આવેલી શ્રીજી મેડીકલ હોલ અને માધવાણી મેડીકલ સ્ટોર્સને ખુલ્લા રાખવામાં આવ્યા છે.કેમિસ્ટ એન્ડ ડ્રગીસ્ટ એસોસિયેશને સરકાર અને સંબંધિત અધિકારીઓને આ મુદ્દે તાત્કાલિક કાર્યવાહી કરવા અપીલ કરી છે જેથી નકલી દવાઓનું વેચાણ અટકાવી શકાય અને લોકોના આરોગ્યનું રક્ષણ થઈ શકે.

તારીખ : 20/05/2026

# કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :


કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# જાહેર નિમંત્રણ

## સાવરકુંડલા/લીલીયા વિધાનસભાની 50 થી વધુ ટીમ સાથે

## નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટ

# નાવલી પ્રિમિયર લીગ

## સીઝન-2

**ક્રિકેટનો મહાસંગ્રામ સાવરકુંડલા શહેરમાં**



**પ્રારંભ તારીખ : ૨૦/૫/૨૦૨૬, બુધવાર,**

**સમય : સાંજે ૭:૦૦ કલાકે**

**સ્થળ : નવું ક્રિકેટ ગ્રાઉન્ડ,**

**સ્પોર્ટ્સ સંકુલની બાજુમાં, મહુવારોડ, સાવરકુંડલા**



**નિમંત્રક : ભારતીય જનતા પાર્ટી**

**સાવરકુંડલા-લીલીયા ભાજપ પરિવાર**



# મહેશ કસવાલા

(ધારાસભ્ય, સાવરકુંડલા-લીલીયા વિધાનસભા)

તારીખ : 20/05/2026

# સૌરાષ્ટ્ર સહિત સમગ્ર દેશમાં આકરી ગરમી...



છેલ્લા કેટલાક દિવસથી ગરમીનું પ્રમાણ સતત વધી રહ્યું છે ત્યારે ઉત્તર ભારત સહિત દેશના અનેક ભાગોમાં આકરી ગરમી પડી રહી છે. યુપીના બાંદામાં સૌથી વધુ 48.2 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. પંજાબ અને હરિયાણામાં પણ આકરી ગરમીને કારણે જનજીવન મુશ્કેલ બસ છે. ફરીદકોટમાં તાપમાન 47.3 ડિગ્રી પહોંચ્યું છે.

મહારાષ્ટ્રના વિદર્ભમાં અમરાવતીમાં 46.8 ડિગ્રી તાપમાન સાથે આકરી ગરમી પડી રહી છે.રાજધાની દિલ્હીમાં પણ તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે.યુપીના મોટાભાગના જિલ્લામાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસને વટાવી ગયું છે. ઝાંસી અને આગરામાં તાપમાન અનુક્રમે 46.5 ડિગ્રી અને 45.8 ડિગ્રી નોંધાયું હતું. જોકે લખનૌમાં તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસ જેટલું જ રહ્યું હતું.

આગામી થોડા દિવસોમાં અતિ અસહ્ય ગરમી અને હીટવેવ (લૂ)ની ભારતીય હવામાન વિભાગ (IMD) અનેક વિસ્તારોમાં હીટોળનું યલો એલર્ટ જારી કરાયું છે.દિલ્હીમાં, અસહ્ય ગરમીના પ્રકોપે રાષ્ટ્રીય રાજધાનીને બાનમાં લીધી હતી. દિલ્હીમાં સૂકા પવનો અને સતત વરસતા આકરા તડકાને કારણે સમગ્ર શહેરમાં તાપમાન ૪૫ ડિગ્રી સેલ્સિયસને પાર કરી જતાં હીટવેવનો દિવસ નોંધાયો હતો. આ સ્થિતિને કારણે હવામાન વિભાગે આગામી દિવસોમાં હીટવેવથી લઈને અતિ અસહ્ય હીટવેવની સ્થિતિ માટે 'ઓરેન્જ એલર્ટ' જાહેર કર્યું છે.IMD અનુસાર, શહેરના બેઝ સ્ટેશન સફદરજંગમાં મહત્તમ તાપમાન ૪૫.૧ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સામાન્ય કરતાં ૪.૭ ડિગ્રી વધુ અને અગાઉના દિવસ કરતાં ૧.૭ ડિગ્રી વધારે હતું. જ્યારે રિજ (Ridge) ૪૯.૫ ડિગ્રી સેલ્સિયસ સાથે શહેરનું સૌથી ગરમ સ્ટેશન તરીકે ઉભરી આવ્યું હતું, જે ૨૪ કલાકમાં ૧.૯ ડિગ્રીના વધારા સાથે સામાન્ય કરતાં પાંચ ડિગ્રી વધુ હતું.

હવામાન કચેરીએ ૨૫ મે 2026 સુધી ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે, જેમાં શહેરના ઘણા ભાગોમાં હીટવેવથી લઈને અતિ અસહ્ય હીટવેવની સ્થિતિની ચેતવણી આપવામાં આવી છે.

હિમાચલ પ્રદેશમાં, શિમલા સ્થિત હવામાન કાર્યાલય દ્વારા મંગળવારે કાંગડા અને સોલન માટે બુધવારે હીટવેવનું 'યલો એલર્ટ' જાહેર કરવામાં આવ્યું છે.

રાજસ્થાનમાં ચિત્તોડગઢ સૌથી ગરમ સ્થળ નોંધાયું હતું, જ્યાં મંગળવારે મહત્તમ તાપમાન ૪૯.૩ ડિગ્રી સેલ્સિયસ રહ્યું હતું, ત્યારબાદ શ્રીગંગાનગરમાં દિવસનું તાપમાન ૪૫.૯ ડિગ્રી હતું. ત્યારે સમગ્ર દેશમાં અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે અને લોકો બપોરે બહાર નીકળવાનું પણ ટાળી રહ્યા છે અને રોડ રસ્તા પણ સુમસામ જોવા મળે છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# ખુબ-ખુબ આભાર...

સાવરકુંડલા શહેરના સર્વાંગી વિકાસ, સ્વચ્છતા, સુવિધાઓ અને જનકલ્યાણના કાર્યોને વધુ ગતિ આપવા માટે અમે પ્રતિબદ્ધ છીએ. શહેરના દરેક નાગરિકનો વિશ્વાસ અને સહકાર જ અમારી સૌથી મોટી શક્તિ છે.

ભારતીય જનતા પાર્ટીનું સમગ્ર નેતૃત્વ અને તમામ સદસ્યશ્રીઓ દ્વારા મારા પર મૂકવામાં આવેલ વિશ્વાસ બદલ હું હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરું છું.



આપ સૌના આશીર્વાદ અને સહયોગથી સાવરકુંડલાને વિકાસના નવા શિખરો સુધી પહોંચાડવા સતત કાર્યરત રહીશું.

આપની વિશ્વાસુ,

## નયનાબેન અતુલભાઇ કાપડીયા

પ્રમુખ, સાવરકુંડલા નગરપાલીકા

કે.ડી. NEWS
તારીખ : 20/05/2026

# ખાદ્યતેલની આયાત 3% વધીને 166 લાખ



ભારત દેશમાં ખાદ્યતેલની આયાત વર્ષ નો 2025-26માં 3 ટકા વધીને 166.51 લાખ ટન થઈ હતી. સોલ્વન્ટ એક્સટ્રેક્ટર્સ છે એસોસિએશન (SEA)એ કહ્યું હતું કે શકે નેપાળમાંથી ડ્યૂટી-ફ્રી આયાત નોંધપાત્ર વધી હતી. 2024-25માં 161.82 લાખ ટન આયાત થઈ હતી.સાઉથ એશિયન ફ્રી ટ્રેડ એરિયા (SAFTA) એગ્રીમેન્ટ હેઠળ નેપાળ ભારતમાં ઝીરો ડડ્યૂટી આયાત કરી શકે છે. તેનો લાભ લઈને ત્યાંના ખાદ્યતેલના વેપારીઓએ ભારતમાં 7.36 લાખ ટનની આયાત કરી હતી, જે અગાઉના વર્ષે થયેલી 3.45 લાખ ટન આયાત કરતાં 113 ટકાનો વધારો દર્શાવે છે.નેપાળમાંથી ભારતમાં રિફાઈન્ડ સોયાબીન તેલની મોટાપાયે આયાત થઈ હતી. સનફ્લાવર ઓઈલ, આરબીડી પામોલીન અને સરસવ તેલની પણ થોડી આયાત થઈ હતી.એસોસિએશને કહ્યું હતું કે SAFTA એગ્રીમેન્ટને ગણતરીમાં ન લઈએ તો આયાત ઘટી હોત. સ્થાનિક સ્તર પર માંગ વધી છે તેમ છતાં આંતરરાષ્ટ્રીય સ્તરે ઊંચા ભાવ અને ડોલર સામે રૂપિયો નબળો પડવાથી આયાત ખર્ચ વધ્યો હતો. ખાદ્યતેલની જરૂરિયાત પૂરી કરવા માટે ભારત મોટાપાયે આયાત કરે છે. કારણ કે સ્થાનિક ઉત્પાદનથી માત્ર 40 ટકા માંગ જ પૂરી થઈ શકે છે. ઓછો પાક, વિભાજિત જમીન, મર્યાદિત સિંચાઈ અને ઘઉં તથા ચોખાની ખેતી અંગે નીતિગત ફેરફારોને કારણે સ્થાનિક ઉત્પાદન ઓછું રહેતું હોવાનું એસોસિએશને કહ્યું હતું.

તારીખ : 20/05/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ટાટા પ્રોડક્ટ ક્રોમા

* ફ્રીઝ * ટી.વી. * એર કન્ડિશન
* વોશિંગ મશીન * ઘરઘંટી દરેક વસ્તુ મળશે

## ભયંકર ગરમીમાં એ.સી. ઠંડા ઘટાડેલા ભાવે

* ટાટા ગ્રુપનો અતૂટ વિશ્વાસ
* ક્રોમાની ડાયરેક્ટ વોરંટી અને સર્વિસ
* વ્યાજબી ભાવ અને આકર્ષક ડિસ્કાઉન્ટ
* સરળ હપ્તા (EMI) ની સુવિધા ઉપલબ્ધ

આજે જ મુલાકાત કરો.

# ધારાસ કોમ્પ્યુટર્સ

ટાટા પ્રોડક્ટ * ટાટાની વોરંટી

મહુવારોડ, કલ્યાણ કોમ્પ્લેક્ષ, આવકાર હોટલની બાજુમાં,

સાવરકુંડલા. મો. 93744 83000

KID NEWS

# અમરેલી જિલ્લામાં ડીઝલ માટે ટ્રેક્ટરોની લાઈનો લાગી




## ઉનાળું પાક બચાવવા ખેડૂતો પેટ્રોલ પંપ ભણી, ઓછી સપ્લાયથી સ્થિતિ સર્જાયાનો પુરવઠા વિભાગનો બચાવ

### ખેતી અને સિંચાઈ પર માઠી અસર

રાજુલા, અમરેલી, સાવરકુંડલા અને લાઠી સહિતના પંથકોમાં ડીઝલ મેળવવા માટે ખેડૂતો ટ્રેક્ટર, કેરબા અને બેરલ લઈને કલાકો સુધી રાહ જોઈ રહ્યા છે.

ઉનાળું પાક માટે સિંચાઈ અત્યંત જરૂરી છે, પરંતુ ડીઝલના અભાવે પંપસેટ અને અન્ય કૃષિ સાધનો ચલાવી શકાતા નથી. જો સમયસર ઈંધણ ઉપલબ્ધ નહીં થાય તો કાળઝાળ ગરમીમાં પાક સુકાઈ જવાની ભીતિ ખેડૂતો વ્યક્ત કરી રહયા છે.



### પંપો પર 'નો સ્ટોક' ના પાટિયા

જિલ્લાના અનેક પેટ્રોલ પંપો પર સવારના સમયે જ ડીઝલનો જથ્થો ખૂટી જતાં વાહનચાલકોને ખાલી હાથે પરત ફરવું પડી રહ્યું છે.

કેટલાક જગ્યાએ મર્યાદિત જથ્થામાં જ ડીઝલનું વિતરણ કરવામાં આવી રહ્યું હોવાથી લોકોને એક પંપથી બીજા પંપ સુધી ભટકવું પડે છે.

આ પરિસ્થિતિને કારણે ખેડૂતો આર્થિક અને માનસિક હાલાકી ભોગવી રહ્યા છે.




### તંત્રનો ખુલાસો

આ મામલે અમરેલી જિલ્લા પુરવઠા અધિકારી પ્રતીક કુંભાણીએ જણાવ્યું હતું કે, ઉપરથી જ સપ્લાય ઓછો હોવાને કારણે જિલ્લામાં આ સ્થિતિ સર્જાઈ છે.

જે પંપો પર જથ્થો ઉપલબ્ધ છે ત્યાં વિતરણ ચાલુ છે.

કોઈ પણ પંપ સંચાલક દ્વારા ડીઝલનો સંગ્રહ કરવામાં આવતો નથી. તંત્ર દ્વારા સ્થળ મુલાકાત લઈને સ્થિતિની સમીક્ષા પણ કરવામાં આવી છે.

### મુખ્ય અસરો:



**સિંચાઈ**
ડીઝલ એન્જન બંધ રહેતા પાકને પાણી પાવાલામાં મુશ્કેલી.



**પરિવહન**
ટ્રેક્ટરો અને માલવાહક વાહનોના પૈડાં થંભી ગયા.



**સમયનો વ્યય**
ખેડૂતોને આખો દિવસ પંપ પર લાઈનમાં ઉભા રહેવાની ફરજ.



**પાકને નુકસાનનો ભય**
સમયસર સિંચાઈ ન થતાં ઉનાળુ પાક પર ગંભીર સંકટ ઉભું થવાની શક્યતા.



ખેડૂતોએ સરકાર પાસે માંગ કરી છે કે ખેતીની સિઝનને ધ્યાનમાં રાખીને તાત્કાલિક ધોરણે પૂરતો જથ્થો ફાળવવામાં આવે જેથી પાકને થતું નુકસાન અટકાવી શકાય.

તારીખ : 20/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# મુરલીધર રેસ્ટોરન્ટ

(ફેમીલી રેસ્ટોરન્ટ) A.C. ડાઈનીંગ હોલ

આજથી નવી શરૂઆત

હવે માણો મારવાડીના હાથે બનાવેલી અસલી રાજસ્થાની સ્વાદભરી દાળબાટી

## માત્ર રૂા. 150 માં દાલબાટી સાથે ચુરમુ અનલીમીટેડ

* દેશી ઘી નો સુગંધિત સ્વાદ * તાજી ગરમાગરમ બાટી
* ફેમિલી સાથે બેસવાની સુંદર અને આરામદાયક સુવિધા

## દરરોજ બપોરે અનલીમીટેડ ગુજરાતી થાળી રૂા. 150 માં

જેમાં 3 સબ્જી, સ્વીટ, ફરસાણ, દાળ, ભાત, છાશ, સલાડ, પાપડ જેવી આઈટમો..

તેમજ દરરોજ રાત્રે લાઈવ કાઠીયાવાડી તેમજ ટેસ્ટફુલ પંજાબીનો સ્વાદ માણવા ફેમિલી સાથે અવશ્ય પધારો...

ચુલે બનાવેલા બાજરાના રોટલા ઓર્ડર ઉપર પણ મળશે...

## પાર્સલ સુવિધા ઉપલબ્ધ

જેસર રોડ બાયપાસ ચોકડી, સાવરકુંડલા.

મો. 99240 91260/75730 53411

તારીખ : 20/05/2026

# ઉંદર પકડવા માટેના ગ્લુટ્રેપનું વેચાણ પ્રતિબંધિત

અમરેલી તા. ૧૯ મે,૨૦૨૬ (બુધવાર) - ઉંદર માટે પકડવા માટે વાપરવામાં આવતી વિવિધ સામગ્રીનાં વેચાણ પર અમરેલી સહિત સમગ્ર રાજ્યમાં પ્રતિબંધ છે. ગુંદરમાં ચોંટી જઈને ગૂંગળામણના કારણે ઉંદર મૃત્યુ પામે છે. જો કે, ઉંદરનું નિયંત્રણ ઈચ્છનીય છે, પરંતુ તે માટે ઉપયોગમાં લેવાતી વિવિધ પદ્ધતિઓ પ્રાણી ક્રૂરતા અધિનિયમ ૧૯૬૦ની કલમ-૧૧ મુજબ ગેરકાયદેસર છે, ગ્લુટ્રેપનું વેચાણ કરી શકાશે નહીં. નિયમનો ભંગ કરવામાં આવશે તો શિક્ષાત્મક કાર્યવાહી થશે, તેમ અમરેલી જિલ્લા નાયબ પશુપાલન નિયામકશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

તારીખ : 20/05/2026

# આવતા મહિને બાબા બાગેશ્વર રાજકોટમાં, હનુમંત કથા યોજાશે



દેશ અને વિદેશમાં સનાતન ધર્મનો ધ્વજ ફરકાવતા રહેલા બાગેશ્વરધામ (છતરપુર, એમ.પી.) નાં પીઠાધીશ્વર ધીરેન્દ્ર શાસ્ત્રીજી (બાબા બાગેશ્વર) આવતા મહિને તા. 5, 6 અને 7 જુન નાં રોજ બીજીવાર રાજકોટ આવી રહયા છે અને રાજકોટના રેસકોર્સ મેદાનમાં દરરોજ સાંજે 7:30 વાગ્યે સનાતન સેતુ હનુમંત કથાનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે રાજકોટના આંગણે 3 વર્ષ બાદ યોજાઈ રહેલા ઐતિહાસિક આયોજન માટે તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

બાબા બાગેશ્વરની સનાતન રીતુ હનુમંત કથાની સાથે દિવ્ય દરબારનું પણ આયોજન કરવામાં આવ્યું છે, તેમ સર્કીટ હાઉસ ખાતેની પત્રકાર પરિષદમાં આયોજન સમિતિનાં અધ્યક્ષ કિશોરભાઈ ખંભાયતા (ડયુનેક્ષ) એ જણાવ્યું હતું.સનાતન સંસ્કાર, હનુમાન ભકિત સમાજના સકારાત્મક મુલ્યો, રાષ્ટ્ર ભાવના અને આધ્યાત્મિક જાગૃતિનો લોકોમાં સંચાર થાય અને સનાતની ધર્મની ધજા ફરકતી રહે તે માટે બાબા બાગેશ્વર દેશ અને દુનિયામાં ભ્રમણ કરી રહયા છે અને તેના ભાગરૂપે રાજકોટમાં આ ધાર્મિક આયોજન કરવામાં આવ્યું છે.

રેસકોર્સમાં તા. 5, 6, 7 દરમ્યાન થયેલ આયોજનમાં ભકતજનો માટે સુવ્યવસ્થિત બેઠક વ્યવસ્થા સહિતની જરૂરી વ્યવસ્થા કરવામાં આવશે. રાજકોટ – સૌરાષ્ટ્રની પ્રજાને ધર્મ-ભકિત અને આધ્યાત્મિકતાનો લાભ લેવા આયોજક સમિતિ દ્વારા ભાવભર્યું આમંત્રણ આપવામાં આવ્યું છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 20/05/2026

# અમરેલી સહિત સૌરાષ્ટ્રમાં ડીઝલની અછત શરૂ: ખેડૂતો-વાહન ચાલકોની પરેશાનીમાં વધારો



સૌરાષ્ટ્રના જૂનાગઢ, પોરબંદર અને અમરેલી જિલ્લામાં ડીઝલની ભારે અછત સર્જાઈ હતી. જેના કારણે ખેડૂતો અને સામાન્ય વાહનચાલકો મોટી મુશ્કેલીમાં મુકાયા હતા. ચોમાસું નજીક હોવાથી ખેડૂતો ખેતરોમાં ટ્રેક્ટર દ્વારા જમીન તૈયાર કરવાની કામગીરીમાં વ્યસ્ત હતા, પરંતુ બરાબર સીઝન ટાણે જ ઈંધણ ન મળતા ખેડૂતોમાં તીવ્ર આક્રોશ જોવા મળ્યો હતો. અનેક પેટ્રોલ પંપ પર ડીઝલ ખૂટી જતાં ખેડૂતોને ખાલી હાથે પરત ફરવું પડયું હતું. આ અછતના વિરોધમાં મોટી સંખ્યામાં ખેડૂતોએ પંપ પર એકત્રિત થઈ 'ભારત માતાની જય' અને 'વંદે માતરમ્' ના નારા લગાવી સૂત્રોચ્ચાર કર્યા હતા.જૂનાગઢ જિલ્લાના માળિયાહાટીના તાલુકા સહિતના શહેરી વિસ્તારોમાં સ્થિતિ ગંભીર બની હતી.પોરબંદર શહેરના પેટ્રોલપંપ ખાતે સવારથી તો કેટલાક પંપ ખાતે રવિવારે સાંજથી જ ડીઝલ ખાલી થયું હતું. જેને પગલે વાહન ચાલકોમાં ડીઝલ ખરીદવા દોડાદોડી થઈ હતી. વાત અમરેલી જિલ્લાની કરવામાં આવે તો અમરેલી જિલ્લામાં કેટલાક દિવસોથી ડીઝલની ભારે અછત સર્જાતા ખેડૂતો અને વાહનચાલકો મુશ્કેલીમાં મુકાયા હતા. પેટ્રોલ પંપો પર વહેલી સવારથી જ ટ્રેક્ટરો અને અન્ય વાહનોની લાંબી લાઈનો જોવા મળી હતી. રાજુલા, અમરેલી, સાવરકુંડલા અને લાઠી,ખાંભા સહિતના પંથકોમાં ડીઝલ મેળવવા માટે ખેડૂતો ટ્રેક્ટર, કેરબા અને બેરલ લઈને કલાકો સુધી રાહ જોઈ રહ્યાહતા. ઉનાળુ પાક માટે સિંચાઈ અત્યંત જરૂરી હતી, પરંતુ ડીઝલના અભાવે પંપસેટ અને અન્ય કૃષિ સાધનો ચલાવી શકાયા ન હતા. જો સમયસર ઈંધણ ઉપલબ્ધ નહીં થાય તો કાળઝાળ ગરમીમાં પાક સુકાઈ જવાની ભીતિ ખેડૂતોએ વ્યક્ત કરી હતી. આ મામલે અમરેલી જિલ્લા પુરવઠા અધિકારી પ્રતીક કુંભાણીએ જણાવ્યું હતું કે, ઉપરથી જ સપ્લાય ઓછો હોવાને કારણે જિલ્લામાં આ સ્થિતિ સર્જાઈ હતી.

તારીખ : 20/05/2026

# રવિ માર્કેટીંગ સિઝન અંતર્ગત ઘઉંની ટેકાના ભાવે ખરીદીની મુદત ૧૫ જૂન સુધી લંબાવાઈ

**અમરેલી તા.૧ ૯ મે, ૨૦૨૬ (મંગળવાર) - રાજ્ય સરકાર દ્વારા રવિ માર્કેટીંગ સિઝન ૨૦૨૬-૨૭ અંતર્ગત ગુજરાત રાજ્ય નાગરીક પુરવઠા નિગમને નોડલ એજન્સી તરીકે નિયુક્ત કરવામાં આવી છે. ખેડૂતોને લઘુતમ ટેકાના ભાવનો લાભ મળી શકે તે માટે ઘઉંની ખરીદીની સમયમર્યાદા ૧૫.૦૫.૨૦૬થી વધારી અને ૧૫.૦૬.૨૦૨૬ સુધીની કરવામાં આવી છે જેની તમામ ખેડૂત મિત્રોને નોંધ લેવા માટે ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી, અમરેલીના નાયબ જિલ્લા મેનેજરશ્રીએ એક યાદીમાં જણાવ્યું છે.**

KID NEWS

# Apk ફાઈલ ડાઉનલોડ કરતા સાવધાંન




## ગેસ કનેક્શન કાપી નાખીશું કહીને ફાઈલ ડાઉનલોડ કરાવી યુવકના ખાતામાંથી 6.68 લાખ ઉપડી ગયા




અમદાવાદના હાંસોલમાં રહેતા યુવક સાથે સાયબર ગઠિયાઓએ ગેસ કનેક્શન કાપી નાખવાનું કહીને apk ફાઈલ ડાઉનલોડ કરાવી હતી. ગઠિયાઓએ યુવકના ફોનનું એક્સેસ મેળવીને યુવકની જાણ બહાર અલગ અલગ ટ્રાન્ઝેકશન કરીંને યુવકના ખાતામાંથી 6.68 લાખ રૂપિયા ટ્રાન્સફર કરી લીધા હતા. યુવકને આ અંગે જાણ થતા સાયબર ક્રાઈમમાં ફરિયાદ નોંધાવી છે.

## આ રીતે આખો ખેલ કર્યો

હાંસોલમાં રહેતો 35 વર્ષીય યુવક રેડીમેડ કપડાનો વેપાર કરે છે. યુવકના મોબાઈલ પર વોટ્સએપમાં એક મેસેજ આવ્યો હતો.

જેમાં સાબરમતી ગેસ લિમિટેડની નોટિસ હતી. આ નોટિસમાં લખ્યું હતું કે તમારું ગેસ કનેક્શન કાપી નાખવામાં આવે છે.

યુવકે જે નંબર પરથી મેસેજ આવ્યો તેમાં વોટ્સએપ કોલ કર્યો હતો. સામે વાત કરનાર વ્યક્તિએ જણાવ્યું હતું કે હું તમને ફાઈલ મોકલી આપું છુ.

UPDATE

તેમજ એપ્લિકેશન ડાઉનલોડ કરી નાખો અને તમારી જુની એપ્લિકેશન અપડેટ નથીં. જેથી અમારી પાસે તમારી માહિતી નથી.

APK DOWNLOOD

ગઠિયાઓના કહ્યું મુજબ નવી એપ્લિકેશન ડાઉનલોડ કરી અને તેમાં વિગતો પણ એડ કરી હતી.જે બાદ ગઠિયાઓએ યુવકને કહ્યું તે પ્રમાણે યુવકે 12 રૂપિયાનું પેમેન્ટ પણ કર્યુ હતું.

યુવકે બેંકની વિગતો નાખી તે બાદ 30 મિનિટ રાહ જોવાનું જણાવ્યું હતું. થોડા સમયમાં જ યુવકના ફોનનું એક્સેસ મેળવીને ગઠિયાઓએ ત્રણ અલગ અલગ ટ્રાન્ઝેકશન દ્વારા યુવકના ખાતામાંથી કુલ 6.68 લાખ રૂપિયા ઉપાડી લીધા હતા.

CYBER CRIME

યુવકને પૈસા ઉપાડ્યાના મેસેજ આવતા બેંકમાં જઈને તપાસ કરી ત્યારે યુવક સાથે સાયબર ક્રાઈમ થયાની જાણ થઈ હતી. આ અંગે યુવકે સાયબર ક્રાઈમમાં અજાણ્યા વ્યક્તિ વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

કે.ડી. NEWS
તારીખ : 20/05/2026

# અમરેલીમાં તા.૨૧ મેના રોજ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી તા.૧૯ મે, ૨૦૨૬ (મંગળવાર) - અમરેલી જિલ્લાના યુવા અને ઉત્સાહી ખાસ મહિલા રોજગાર ઈચ્છુકોને રોજગારીનો અવસર પ્રાપ્ત થાય તેવા હેતુસર અગ્રગણ્ય એકમ ALFA AUTO LINK LLP AMRELI માટે ૨૦ થી ૪૦ વર્ષની વયમર્યાદા અને ખાલી જગ્યાને અનુરૂપ ગ્રેજ્યુએટ, ડિપ્લોમા મિકેનીક, ટેક્નિકલ, આઈ.ટી.આઈ, ટેલી, અનુભવ 0 થી 3 વર્ષની શૈક્ષણિક લાયકાત ધરાવનાર ઉમેદવારો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતીમેળામાં ભાગ લેવા રોજગાર ઈચ્છુકોએ તા.૨૧.૦૫.૨૦૨૬ ના રોજ સવારે ૧૧:00 કલાકે આલ્ફા ઓટો લીન્ક (નેક્સા), લાઠી રોડ, નવનીત પેટ્રોલ પંપની બાજુમાં, અમરેલી ખાતે ઉપસ્થિત થવાનું રહેશે. ઉલ્લેખનીય છે કે, અનુબંધમ પોર્ટલ પર જે ઉમેદવારનું રજીસ્ટ્રેશન કરેલ ન હોય તેવા ઉમેદવારો પણ ભરતીમેળામાં ભાગ લઈ શકશે. આ ભરતી મેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ આધાર કાર્ડ તેમજ શૈક્ષણિક લાયકાતના તમામ દસ્તાવેજો સાથે અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજિસ્ટ્રેશન લિંક https:// anubandham. gujarat. gov.in/ account/ signup પરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર l o g i n કરીને પોર્ટલ પર જોબફેરના મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી અમરેલીનો સંપર્ક કરવાનો રહેશે, તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવાયું છે.

## ભરતી મેળામાં ભાગ લેવા માટે ઉમેદવારોએ અનુબંધમ પોર્ટલ પર ઓનલાઈન નોંધણી કરાવવી ફરજિયાત

તારીખ : 20/05/2026

# આજે કોલકાતા માટે જીતવું અનિવાર્ય, મુંબઈ સામે મેચ



ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની 2026ની ટી20 ક્રિકેટ ટુર્નામેન્ટમાં કોલકાતા નાઈટ રાઈડર્સનું ભાવિ અધ્ધરતાલ છે અને તેને બાકી રહેલી બંને મેચ જીતવી ફરજિયાત છે તો ત્યાર બાદ પણ અજિંક્ય રહાણેની ટીમે અન્ય પર તો આધાર રાખવાનો જ છે તેવામાં અગાઉથી જ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયેલી મુંબઈ ઈન્ડિયન્સ સામે તે આજે એટલે કે તારીખ 20 મે 2026 બુધવારે રમશે ત્યારે મુકાબલો રસપ્રદ બની શકે તેમ છે. સાંજે 7.30 કલાકે મેચનો પ્રારંભ થશે. મુંબઈ ઈન્ડિયન્સ કેટલીક મેચ અગાઉથી જ ટુર્નામેન્ટમાંથી બહાર થઈ ગયું છે પરંતુ તેના સુપર સ્ટાર ખેલાડીઓ બાકી રહેલી બે મેચમાં પોતાની પ્રતિષ્ઠા બચાવવા રમશે. આ ઉપરાંત મુંબઈ હારેલી ટીમ છે પછીની તેની તમામ મેચ હરીફ ટીમ માટે જોખમી પુરવાર થઈ શકે છે કેમ કે મુંબઈ જેવો હરીફ ગમે ત્યારે બાજી પલટી શકે છે. આ રીતે પણ બુધવારની મેચ કોલકાતા નાઈટ રાઈડર્સ માટે મહત્વપૂર્ણ બની રહેશે. કોલકાતા હાલમાં 11 પોઈન્ટ સાથે આઠમા ક્રમે છે. આમ આગળ ધપવાની તેની શક્યતા નહિવત છે પરંતુ તેને હજી રેસમાંથી બહાર ગણી શકાય નહીં. નાઈટ રાઈડર્સ બાકીની બે મેચ મોટા અંતરથી જીતે અને 15 પોઈન્ટ હાંસલ કરી લે તો તેના નેટ રનરેટમાં પણ ફરક પડી શકે પરંતુ તે સંજોગોમાં અન્ય ટીમોના પરિણામ પણ કોલકાતાની તરફેણમાં આવવા જોઈએ. આમ તેમના માટે માર્ગ ઘણો કપરો છે. જોકે બુધવારે મુંબઈ ઈન્ડિયન્સ સામે તેમનો પરાજય કોલકાતાને સત્તાવાર રીતે ટુર્નામેન્ટમાંથી બહાર કરી દેશે તે નક્કી છે.

KD NEWS

# આજે અધિક માસ, બુધવાર અને ચતુર્થીનો યોગ



## ઘરમાં સુખ-સમૃદ્ધિ જાળવી રાખવાની કામનાથી કરવામાં આવે છે વિનાયક ચતુર્થી વ્રત

વિનાયકી ચતુર્થી પર સવારે સ્નાન કર્યા પછી ઘરના મંદિરમાં **ગણેશ પૂજા અને વ્રત કરવાનો સંકલ્પ** લેવામાં આવે છે. આ વ્રતમાં ભગવાન ગણેશની પૂજા કરવામાં આવે છે. દિબસભર નિયમ:થી વ્રત રાખીને સાંજે પણ ગણેશજીની પૂજા કરવામાં આવે છે.

આ તિથિએ ચંદ્ર ઉદય પછી દર્શન-પૂજન કરવાની પરંપરા છે.

જે લોકો ભૂખ્યા રહી શકતા નથી, તેવા એક સમય ફળાહાર કરી શકે.

મોસમી ફળો ખાઈ શકે છે. ફળોનો રસ અને દૂધ પી શકે છે.

## આ રીતે કરી શકો છો ગણેશજીની પૂજા

1. સૌ પ્રથમ પૂજા સ્થળને સાફ કરીને ભગવાન ગણેશની મૂર્તિ કે તસવીર સ્થાપિત કરો.
2. દીવો અને ધૂપ પ્રગટાવીને પૂજાની શરૂઆત કરો.
3. ભગવાન ગણેશને સ્વચ્છ જળ:થી આચમન અને સ્નાન કરાવો.
4. લાલ ફૂલ, દૂર્વા ઘાસ અને ચોખા અર્પણ કરો.
5. સિંદૂર અને ચંદનનું તિલક લગાવો.
6. મોદક કે લાડુનો ભોગ ભગવાન ગણેશને ધરાવો.
7. ૐ ગં ગણપતયે નમઃ મંત્રનો જાપ કરો.
8. ગણેશજીની આરતી કરો.
9. પરિવારની સુખ-સમૃદ્ધિ, સફળતા અને શાંતિ માટે પ્રાર્થના કરો.
10. છેલ્લે પ્રસાદ બધામાં વહેચીને પૂજા પૂર્ણ કરો.

卐 ।। ગણપતિ બાપ્પા મોરયા ।। 卐



KID NEWS
મોર્નિંગ વોક દરમિયાન
અકસ્માત
ધારી-અમરેલી રોડ પર
મારૂતિ વાહને ટક્કર મારતા
નિવૃત્ત નાયબ મામલતદારનું મોત
MORNING WALK
ઘટનાસ્થળે જ
કરૂણ
મોત
કેવી રીતે બન્યો અકસ્માત?
1 મોહનભાઈ રોજની જેમ વહેલી સવારે વોક કરવા માટે ધારી-અમરેલી હાઈવે પર નીકળ્યા હતા.
2 પુરપાટ ઝડપે આવતા મારૂતિ કેરી વાહને તેમને જોરદાર ટક્કર મારી.
3 ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ કરૂણ મોત નીપજ્યું.
પ્રાથમિક માહિતી
અકસ્માત કર્યા બાદ મારૂતિ કેરીનો ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો.
પોલીસની કાર્યવાહી
ધારી પોલીસ ઘટનાસ્થળે પહોંચી, મૃતદેહનો કબ્જો લઈ પોસ્ટમોર્ટમ માટે ધારી સરકારી દવાખાને ખસેડયો.
પોલીસ તપાસ
આ મામલે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.
ઝડપથી વાહન ન ચલાવો, જીવ અમૂલ્ય છે!

ડે ડે NEWS
તારીખ : 20/05/2026

# આયુષ્માન આરોગ્ય મંદિર જાબાળ ના વિજયાનગર ગામે આરોગ્ય ટીમ દ્વારા સઘન આરોગ્ય કામગીરી કરવામાં આવેલ







પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (P H C) - બાઢડા અંતર્ગત આવતા આયુષ્માન આરોગ્ય મંદિર - જાબાળ ના વિજયાનગર ગામમાં પ્રજાના સ્વાસ્થ્યની સુખાકારી માટે એક વિશેષ આરોગ્યલક્ષી ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાઢડા ના મેડિકલ ઓફિસર સાહેબ ની માર્ગદર્શન મુજબ આરોગ્ય વર્કર શ્રી ચંદ્રકાંતભાઈ બગડા તેમજ સુપરવાઈઝર શ્રી ભરતભાઈ ગૌસ્વામીની રાહબરી હેઠળ ટીમ દ્વારા ગામમાં મચ્છરજન્ય અને અન્ય રોગોના અટકાયત માટે ચોકસાઈપૂર્વકની કામગીરી કરવામાં આવી હતી.

મુખ્ય કામગીરીની વિગતો:વાહકજન્ય રોગચાળા પર નિયંત્રણ: મચ્છરોનો ઉપદ્રવ રોકવા માટે પોરાનાશક (એન્ટી-લાર્વલ) કામગીરી કરવામાં આવી હતી, તેમજ બિનઉપયોગી ટાયર અને ડબ્બાઓમાં 'ડિસ્કાર્ડ કન્ટેનર' ની કામગીરી કરી નિકાલ કરાયો હતો. મચ્છરોના જૈવિક નિયંત્રણ માટે પાણીના સ્ત્રોતોમાં ગપ્પી માછલીઓ મૂકવામાં આવી હતી.

ડ્રાય ડે અને જનજાગૃતિ: ગ્રામજનોને પોતાના ઘરે અઠવાડિયામાં એક દિવસ ફરજિયાત 'ડ્રાય ડે' ઉજવી પાણીના પાત્રો સાફ રાખવા સમજ આપવામાં આવી હતી. સાથે જ I E C / B C C પ્રવૃત્તિઓ અંતર્ગત પત્રિકા વિતરણ અને રૂબરૂ ચર્ચા દ્વારા સ્વાસ્થ્ય જાગૃતિ ફેલાવવામાં આવી હતી.રોગ નિદાન અને દર્દી મુલાકાત: શંકાસ્પદ તાવના કેસો શોધવા માટે લોહીના નમૂના (B S Collection) લેવામાં આવ્યા હતા.

આ ઉપરાંત, ગામમાં ટીબી (TB) ના દર્દીઓની ગૃહ મુલાકાત (Patient Visit) લઈને તેમના સ્વાસ્થ્યની પૃચ્છા કરી જરૂરી માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.બાઢડા PHC ની આ સક્રિય કામગીરીને વિજયાનગરના ગ્રામજનોએ બિરદાવી હતી.

તારીખ : 20/05/2026

# એક - લૂ અને એકલું



અંગ દઝાડતી ગરમી પડી રહી છે અને ગરમી નો પારો પણ 43,44 ડિગ્રીને પાર જોવા મળી રહ્યો છે.અત્યારે આપણે તેવું કહેવાય છે કે બહુ તડકામાં બહાર ન નીકળાય નહીંતર લૂ લાગી જાય. લૂ ના કારણોની વાત કરવામાં આવે તો અચાનક ખૂબ તાવ આવવો અને પરસેવો બંધ થઈ જવો.માથામાં ભારે દુખાવો થવો, ચક્કર આવવા અથવા ઉલટી થવી.હાથ, પગ અને પેટમાં ખેંચાણ થવું.શ્વાસ ઝડપથી ચાલવો અને ધબકારા વધવા. અને લૂ થી બચવાના ઉપાય ની વાત કરવામાં આવે તો બહાર નીકળતા પહેલા પૂરતું પાણી પીવો. લીંબુ શરબત, છાશ, ઓ.આર.એસ. (ORS) અથવા કાચી કેરીનું પન્ના પીતા રહો.આહાર: ભૂખ્યા પેટે તડકામાં ન નીકળવું. હળવો ખોરાક લેવો અને કાચી ડુંગળી સલાડમાં ખાવી.યોગ્ય કપડાં: આખા શરીરને ઢાંકે તેવા હળવા અને આછા રંગના સુતરાઉ કપડાં પહેરો. બહાર નીકળતી વખતે ટોપી અથવા છત્રીનો ઉપયોગ કરો. અને હવે એકલું એટલે કે એકલતા ની વાત કરવામાં આવે તો નકારાત્મક વિચાર આવવા મારું કોઈ નથી તેવું વિચારવું દરેક પરિસ્થિતિમાં ખુદથી હારવું આ એકલતાના લક્ષણો છે પણ જીવનમાં ક્યારેક એવી પરિસ્થિતિ આવે છે કે પોતાની જાત પોતાની પરિસ્થિતિ પોતાની જાતે ઉકેલવાની હોય છે જો એ ગરમીની લૂ મા ઠંડક અને પાણી રાહત આપે છે તો એકલતામાં પોતાના પરનો દઢ વિશ્વાસ અને પરિશ્રમ મહેનત અને પોતાની જાતને શ્રેષ્ઠતાથી સાબિત કરવી આ એકલતા દૂર કરવા માટે અને આગળ વધવા માટે ના ઉપાય છે તો ક્યારેક એકલું રહેવું પડે તો ઉનાળાની લૂ ને ઠંડકની જરૂર છે તેમ એકલતાને પોતાની જાતનો વિશ્વાસ મહેનત નિસ્વાર્થ લાગણી અને પોતાની જાત શ્રેષ્ઠતા તરફ આગળ વધારવી એમનો શ્રેષ્ઠ ઉપાય છે..

તારીખ : 20/05/2026

# મહુવા તાલુકાની આંગણકા અને ખડસલિયા પ્રાથમિક શાળામાં પીડીલાઈટ ઈન્ડસ્ટ્રીઝ અનુદાનિત ગ્રામ નિર્માણ સમાજ દ્વારા એક સમર કેમ્પ યોજવામાં આવ્યો



જેમાં બાળકોને પેપર ક્રાફ્ટ, જોકર, બલૂન, પેઈન્ટિંગ વિવિધ પ્રકારની રમત રમાડવામાં આવી હતી. ધીરજભાઈ, ધરમભાઈ, ક્ષમાબેન, હેતલબેન દ્વારા પ્રવૃતિઓ કરવામાં આવી હતી. વેકેશન દરમિયાન બાળકો આવી સુંદર પ્રવૃતિઓ કરે તે માટે આચાર્ય શ્રી પ્રવીણભાઈ મકવાણા સંસ્થાનો આભાર માને છે. આ પ્રવૃત્તિઓ વેકેશનમાં બાળકોનું સરસ ઘડતર કરે છે. વાલીઓ પણ સંસ્થાના ઋણી રહેશે.

તારીખ : 20/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક
## સગાઈ કેક - ફોન્ડન્ટ કેક
## મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ



**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

બર્થ ડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

તારીખ : 20/05/2026

# અમરેલી ખાતે સર્વ પિતૃ મોક્ષાર્થી રામેશ્વર સત્સંગ મહિલા મંડળ દ્વારા આયોજિત ભક્તિ બાપુના શ્રીમુખે ચાલી રહેલી ભાગવત સપ્તાહના ત્રીજા દિવસે વામન અવતારની વાતચીત અને સમજણ આપી...




આ ભાગવત સપ્તાહ માં આજે સાવરકુંડલાના ધારાસભ્ય મહેશભાઈ કસવાળા અને જીવનભાઈ વેકરીયા એ ઉપસ્થિત રહી ભક્તિ બાપુ ના આશીર્વાદ લીધા ભાગવતજીના આશીર્વાદ લીધા અને કથા ના આયોજક પરિવાર બહાદુરભાઈ બસીયા એ બંને મહાનુભાવોનું સન્માન પણ કર્યું આ પ્રસંગે ધારાસભ્ય મહેશભાઈ જણાવ્યું કે ભાગવત સપ્તાહ ત્રણ પેઢીને તારે છે નાના બાળકો યુવાનો અને પિતૃઓને મોક્ષ આપનારી આ અદભુત તથા ભક્તિ બાપુના શ્રીમુખે સાંભળવી એ એક અનેરો છે ઉપરાંત કઠવાડાએ વધુમાં જણાવ્યું કે સમગ્ર અમરેલી જિલ્લા ના લોકોને ખૂબ આશીર્વાદ મળે ખૂબ સુખ મળે અને જિલ્લાના વિકાસ માટે હંમેશા ભાગવતજીના આશીર્વાદ અવિરત વહેતા રહે તેવી પ્રાર્થના કરી.

નો નેગેટીવ ન્યૂઝ


# કે.ડી. NEWS

તારીખ : 20/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...







કે.ડી. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 20/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**


Gurutattva®

**3398**
**20/05/2026**
**Wednesday**

## आत्मा

मोक्ष कुछ पाने का नाम नही होता। जिवन सभी मोहमाया से "मुक्त" होने की स्थिती होती है,

बाबास्वामी
20/5/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram :** t.me/ShreeShivkrupanandSwami **Whatsapp :** Shivkrupanand Swami

કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
તારીખ : 20/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"આપણે જે ખાઈએ છીએ એનાથી આપણું શરીર બને છે, પણ આપણને જે ખાઈ રહ્યું છે એનાથી તો આપણું જીવન બને છે. નબળા-નકામા અને નુકસાનકારી વિચારો નિંદકને સતત ખાતા હોય છે. એનું જીવન ઉદાત્ત બને તો જ આશ્ચર્ય !"




**આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ**



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 20/05/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




હવે નવું આવ્યું

**અક્કડ** બક્કડ બમ્બે બો

ડીઝલ 90 પેટ્રોલ 100.....

**છોકરાઓ** પણ અત્યારે અઘરા થઈ રહ્યા છે વાત કરી રહ્યા હતા કે રિચાર્જના પૈસા માંગું છું આપો પછી ના કહેતા ઘરમાંથી ત્રણ કિલો ઘઉં ક્યાં ગયા......

**ફાસ્ટ ફૂડ** ખાવાથી માણસ ફાસ્ટ નથી થઈ જતો. સ્માર્ટ ફોન વાપરવાથી માણસ સ્માર્ટ નથી થઈ જતો.પરંતુ લૂઝ મોશન થવાથી માણસજરૂર લુઝ થઈ જાય છે.ઉનાળો આકરો છે. ધ્યાન રાખજો.

ના નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 20/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 20 મે
# મહત્વની ઘટનાઓ

**જન્મ**

૧૮૯૪ –
ચંદ્રશેખરેન્દ્ર સરસ્વતી – કાંચી કામકોટી પીઠના ૬૮મા જગદ્‌ગુરુ શંકરાચાર્ય. (અ. ૧૯૯૪)

૧૯૦૦ –
સુમિત્રાનંદન પંત, ભારતીય કવિ. (અ. ૧૯૭૭)

**અવસાન**

૧૭૬૬ –
મલ્હારરાવ હોલકર, મરાઠા સામ્રાજ્યના ઉમદા સુબેદાર અને હોલકર રાજવંશના સ્થાપક. (જ. ૧૬૯૪)

૧૯૩૨ –
બિપિનચંદ્ર પાલ, ભારતીય રાષ્ટ્રવાદી, લેખક, વક્તા, સામાજીક સુધારક અને ભારતીય સ્વાતંત્ર્ય ચળવળના સેનાની. (જ. ૧૮૫૮)

૨૦૧૨ –
ભોળાભાઈ પટેલ, ગુજરાતી લેખક. (જ. ૧૯૩૪)

**તહેવારો અને ઉજવણીઓ**

વિશ્વ મેટ્રોલોજી દિવસ
વિશ્વ મધમાખી દિવસ

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 20/05/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

તારીખ : 20/05/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




65K

50K

28K

100K

સંપર્ક : મો. 94997 97973